INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૬-૧૧-૨૦૨૪**

**ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ દ્વારા દલિત સમાજના અપમાનજનક ભાષણ થી સમગ્ર દલિત સમાજની લાગણી ઘવાઈ છે ત્યારે યોગી આદિત્યનાથ સામે એટ્રોસીટીની ફરિયાદ દાખલ કરવાની માંગ** સાથે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને એડવોકેટશ્રી રત્નાબેન વોરાએ જણાવ્યું હતું કે, 19 સેકન્ડ નો એક વિડિયો છેલ્લા એક અઠવાડિયાથી ખૂબ જ વાયરલ થઈ રહેલ છે જેમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે 31 ઓક્ટોબર 2024 ના રોજ ગોરખપુરમાં એક જાહેર સભામાં સંબોધન કરતા અસંવેધાનિક, અપમાનજનક શબ્દ "હરીજન" નો ઉપયોગ કરેલ છે. 22 જાન્યુઆરી 1938 ના રોજ ડોક્ટર ભીમ રાવ આંબેડકરે બોમ્બે લેજીસ્લેશન માંથી વોક આઉટ કરીને "હરીજન" શબ્દ માટે પોતાનો વિરોધ નોંધાવેલ. 1982માં કેન્દ્ર સરકારે અનુસૂચિત જાતિ માટે "હરીજન" શબ્દ નો ઉપયોગ ન કરવા માટે એક એડવાઈઝરી જારી કરીને તમામ રાજ્યોને તાકીદ કરેલ. 2010માં સમાજ કલ્યાણ અધિકારીતા વિભાગ દ્વારા પણ નવે શિરેથી દિશા નિર્દેશ જારી કરીને આ શબ્દ ઉપર પ્રતિબંધ લગાવેલ છે. માનનીય સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા એક જજમેન્ટમાં "હરીજન" શબ્દને ડેરોગેટિવ અને ઓફેન્સિવ બતાવેલ છે અને તેનો ઉપયોગ ન થવું જોઈએ, છતાંય જો આ શબ્દનો ઉપયોગ થાય તો તેની સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી શકાય.

AIR 2017 SC (criminal) 644. "હરીજન"શબ્દની સંધિ તોડવામાં આવે તો હરી+જન એટલે કે ભગવાનની ઓલાદ. હવે અનુસૂચિત જાતિ માટે જો "હરીજન" શબ્દ વપરાતું હોય એટલે કે હરિ નો જન તો પછી બાકી સમાજ કોની ઓલાદ છે એ પ્રશ્નો ઊભો થાય છે. બીજું આ શબ્દની જો આપણે ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ઉપર જઈએ તો એવું કહેવામાં આવે છે કે છઠ્ઠી શતાબ્દીની આસપાસ ભારત દેશમાં દેવદાસી પ્રથા પ્રચલનમાં આવી. તેનો ઉલ્લેખ મત્સ્ય પુરાણ, વિષ્ણુ પુરાણ અને કૌટિલ્ય શાસ્ત્રમાં મળેલ છે. આ પ્રથા અમલમાં આવેલ ત્યારે ગરીબ ઘરોની કુમળીવયની દીકરીઓને તેમજ નાની વયની વિધવા થયેલી બહેનોને મંદિરોમાં દાન કરી દેવામાં આવતી હતી એ બેન દીકરીઓનું કામ હતું મંદિરની સાફ સફાઈ કરવાની, પૂજા પાઠ કરવાની તેમજ પ્રસાદ આદિ બનાવવાનું હતું. તે ઉપરાંત મંદિરોના જે પૂજારીઓ હતા એ દેવદાસીઓનું શારીરિક શોષણ કરતા હતા. બલાત્કાર કા તો સંબંધ બનાવીને તેમની સાથે વ્યાભિચાર કરતા હતા અને આ બલાત્કાર અથવા શારીરિક સંબંધ બનાવવા ના પરિણામ સ્વરૂપ, જે સંતાનો ઉત્પન્ન થતી તેને જ "હરિજન" કહેવામાં આવતું જોકે આના કોઈ ઓથેન્ટિક પુરાવા નથી છતાં સુપ્રીમ કોર્ટે પણ પોતાના જજમેન્ટમાં આ વિષય ઉપર ચર્ચા કરેલ છે.

"હરિજન શબ્દનું ઉપયોગ યોગી આદિત્યનાથે તેઓના ભાષણમાં કરેલ છે", તે ગેરબંધારણીય છે અને અપમાનજનક છે જેથી તેઓએ સવર્ણ સમાજને ઉત્તેજન આપેલ છે અને ઉશ્કેરણી કરેલ છે કે સવર્ણ સમાજ ખુલેઆમ આ શબ્દનો ઉપયોગ હવેથી કરી શકે છે. જે ઘણી ગંભીર બાબત છે.

ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં એક એફઆઈઆર નોંધાવવા માટે એક અરજી કરેલ છે અને તેમાં પોલીસે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવા માટેનું આશ્વાસન આપે છે. જો **પોલીસ ત્રણ દિવસમાં અમારી એફઆઈઆર નહીં નોંધે તો અમારે ન છૂટકે ડિસ્ટ્રિક્ટ સેશન કોર્ટ મા કેસ દાખલ કરવો** પડશે અને આ કાનૂની લડાઈ છેક સુધી લડી લઈશું ભલે તેના માટે સુપ્રીમ કોર્ટ સુધી પણ કેમ ના જવું પડે.

Ratna

(રત્નાબેન વોરા)
પ્રવક્તા

**નોંધઃ આ સાથે ફરિયાદની નકલ અને સુપ્રિમ કોર્ટના જંજમેન્ટની નકલ આપને ઈમેઈલ કરેલ છે ?** મો. 9327426085